**તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાયઆપવા માટેની સંતસૂરદાસ યોજના બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક– અપગ/૧૦૨૦૦૦/ન.બા.–૪/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– 22 SEP 2000

**વંચાણે લીધા :–**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના તા. ૨૦/૧/૨૦૦૦ ના પત્ર ક્રમાંક–યજન/નવીબાબત/૧૩/૯૯/૨૦૦૦

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા. ૨૪/૫/૨૦૦૦ ના પત્ર ક્રમાંક–યજન/નવીબાબત/૯૫/૨૦૦૦–૨૦૦૧.

**ઠરાવ :–**

વિકલાંગ વ્યક્તિઓનો સર્વાંગીવિકાસ થાય તે માટે ભારત સરકારે અપંગ વ્યક્તિ (સમાન તક, હકક રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ–૧૯૯૫ તારીખ – ૭/૨/૯૬ થી અમલમાં મૂકેલ છે. આ ધારાની કલમ–૬૬ (૧) માં રાજ્ય સરકારની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં તમામ વિકલાંગ વ્યક્તિઓનુ પુનઃવસાવટ હાથ ધરશે અથવા હાથ ધરાવશે.તેવી જોગવાઈછે. હાલમાં રાજ્ય સરકાર ધ્વારા ૭૫ % અથવા તેથી વધુ વિકલાંગતા ધરાવતી અને ૪૫ વર્ષ કરતાં વધુ ઉંમરની વ્યક્તિને દર મહિને રૂ.૨૦૦/–(અંકે રૂ. બસો પૂરા ) નાણાંકીય સહાય આપવામાં આવે છે. પરંતુ ૪૫ વર્ષ કરતાં ઓછી ઉંમરની વિકલાંગ વ્યક્તિઓને આવી કોઈ સહાયની યોજના અમલમાં નથી .આથી અપંગ ધારા ૧૯૯૫ ની ઉક્ત લેખ જોગવાઈને આધીન ૪૫ વર્ષ કરતાં ઓછી ઉંમરની વય જુથની વિકલાંગ વ્યક્તિઓને નાણાંકીય સહાય આપી પુનઃસ્થાપન કરવાનું જરુરી જણાતાં આમુખમાં ઉલ્લેખ ક્રમાંક–૧ અને ૨ ના પત્રોથી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૫૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરેલ જે સને૨૦૦૦–૨૦૦૧ ના વર્ષના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ થયેલ છે. જેની બજેટની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોએ ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ યોજનાનુ નામ " **સંતસૂરદાસ યોજના** " રહેશે.

૨. <u>યોજનાની શરતો:–</u>

(૧) આ યોજના ૪૫ વર્ષ કરતાં ઓછી વય જુથની ૭૫% કરતાં કે તેથી વધારે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને લાગુ પડશે. અથવા તો જે કૃત્રિમ અંગોથી પણ સ્વતંત્ર રીતે હલનચલન કે હરીફરી શકતા નથી તેમને લાગુ પડશે.

(૨) ૭૫% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી અને ૧૮ વર્ષથી નીચેની વયજુથની વ્યકિતઓને માસિક રૂ. ૧૦૦/– (અંકે રુપિયા સો પુરા) ની સહાય આરોગ્ય અને શિક્ષણ પેટે ચુકવવામાં આવશે.

(૩) આ યોજના તળે ૧૮ થી ૪૫ વર્ષની વયજુથના અને ૭૫% કે તેથી વધુવિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને માસિક રૂ.૨૦૦/– (અંકે રુપીયા બસો પુરા)ની સહાય ચુકવવામાં આવશે.

(૪) અરજદારના કુટુંબના કોઈપણ સભ્યનુ નામ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં સમાવિષ્ટ થતુ હોવુ જોઈશે.

(૫) આ યોજના હેઠળ સહાય મેળવતીવિકલાંગ વ્યકિતઓને સરકારશ્રી તરફથી નિયમાનુસાર મળતી અન્ય સહાય પણ મળી શકશે.

(૬) ૨૧ વર્ષથી વધુ વયનો લાભાર્થીનો પુત્ર ન હોવો જોઈએ.

(૭) અરજદાર રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતુ અપંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઈશે.

(૮) સબંધિત વિકલાંગ વ્યક્તિ કે તેના વાલી ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ હોવા અંગે સક્ષમઅધિકારીનું પ્રમાણપત્ર.

(૯) પુત્ર માનસિક અસ્થિર હોય તો સહાય મળવાપાત્ર રહેશે.

(૧૦) પુત્ર અશક્ત/ વિકલાંગ ૭૫% થી વધારે, હોય તો સહાય મળવાપાત્ર રહેશે.

(૧૧) અરજદારે આ લાભ મેળવવા માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા નિયત થયેલ અરજીફોર્મમાં સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અરજી કરવાની રહેશે.

<u>અરજી પત્રક સાથે સામેલ રાખવાના પુરાવા :–</u>

૧. ઉંમરનો પુરાવો.

૨. વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ તથા નિષ્ણાત તબીબનુ અપંગતાની ટકાવારીનું પ્રમાણપત્ર.

૩. ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં સમાવિષ્ટ હોવા અંગેનો પુરાવો.

૨. સદરહુ નવી બાબત માટે ચાલુ નાણાંકીય વર્ષના અંદાજપત્ર સદર માંગણી ક્રમાંક-૯૦-૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ, ૦૨ સમાજ કલ્યાણ, ૧૦૧ વિકલાંગોનુ કલ્યાણ (૧૦) એસ.સી.ડબલ્યુ-૩૩ અશક્ત વ્યક્તિઓને નાણાંકીય સહાય માટેની(યોજના) પ્લાન હેઠળ ઉધારવાનુ રહેશે. અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઈમાંથી મેળવવાનુ રહેશે.

૩. આ યોજનાનું ખર્ચ મંજુર થયેલ જોગવાઈની મર્યાદામાં તથા નાણાંવિભાગ ધ્વારા વખતો વખત છુટી કરવામાં આવતી ગ્રાન્ટને આધીન રહી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ કરવાનુ રહેશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાંવિભાગની તા. ૨૫/૭/૨૦૦૦ ની નોંધથી મળેલ અનુમતીઅન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. સી. કડિયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, સા.ન્યાય અને અધિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષ નેતાશ્રીના અંગત સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મંત્રીશ્રી, સા.ન્યાય અને અધિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાનામંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ.
- સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
- સચિવાલયના સર્વે વિભાગો,
- વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઈલ.
- ના.સે.અ. પસંદગીની ફાઈલ.